# કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ

kotak®

૧૨-બીકેસી, ક્ટ્ઠો માળ, પ્લોટ નં. સી-૧૨, જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૧. CIN NO. L65110MH1985PLC038137

## જાહેર હરાજી અંગેની નોટીસ

**શ્રી નરેન્દ્ર જયંતિલાલ ત્રિવેદીની માલિકીની સ્થાવર મિલ્કતની ઈ-હરાજીથી વેચાણ કરવા માટેની સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ('સરફેસી કાયદો') સાથે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ અંતર્ગત નિયમ ૮(૬) ની જોગવાઈ હેઠળ જાહેર નોટીસ**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એરોમેટીક ઈન્ટરમિડીયેટ્સ એન્ડ કેમિકલ્સ (સોલ પ્રોપ્રાયટર - શ્રી નરેન્દ્ર જયંતિલાલ ત્રિવેદી) (ઉધારકર્તા) ના બાંહેધરીઓ સહીતના બાકી લ્હેણાંઓને કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ (કોટક બેંક) ની તરફેણમાં સોંપેલ છે.

આથી નીચે સહી કરનાર કોટક બેંક ના અધિકૃત અધિકારીએ સરફેસી કાયદાની કલમ ૧૩(૨) અન્વયે મળેલી સત્તા રૂએ તા. ૩૦.૦૬.૨૦૧૧ ના રોજ ડિમાન્ડ નોટીસ જારી કરી ઉપરોક્ત ઉધારકર્તા અને જામીનદારોને તેમાં જણાવેલ બાકી લ્હેણાંની રકમ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચૂકવી દેવા જણાવ્યું હતું. ઉધારકર્તા અને જામીનદારો સદર રકમ બેંકને પરત ચૂકવવામાં નિષ્ફળ ગયા / અવગણના કરી હતી. આથી આ માંગણાની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી અધિકૃત અધિકારી દ્વારા સરફેસી કાયદો અને તેના અંદરના નિયમની જોગવાઈઓ પૂર્ણ કરીને ખાસ કરીને નીચે જણાવેલ પરિશિષ્ટવાળી મિલ્કતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે. આથી સરફેસી કાયદાના નિયમ ૧૩(૪) અને તેના અંદરના નિયમો સાથે વાંચતા કોટક બેંકના અધિકૃત અધિકારીને મળેલ સત્તા રૂએ નીચે જણાવેલ મિલ્કતનું ઈ-હરાજી દ્વારા વેચાણ કરવાનું નક્કી કરેલ છે.

આથી જાહેર જનતાને તેમજ ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને નોટીસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત કે જે સલામત લેણદાર એટલે કે કોટક બેંક પાસે ગીરો મુકેલ છે અને જેનો કોટક બેંકના અધિકૃત અધિકારીએ તા. ૧૭.૦૭.૨૦૨૨ ના રોજ પ્રત્યક્ષ કબજો લઈ લીધેલ છે તેનું **"જ્યાં છે ત્યાં છે", "જેમ છે તેમ છે"**, અને **"જે છે તે છે"** તે ધોરણે **તા. ૨૩.૦૨.૨૦૨૩ ના રોજ ઈ-હરાજી દ્વારા વેચાણ** કરવાનું નક્કી કરેલ છે. કોટક બેંકની બાકી લ્હેણાંની રકમ **રૂા. ૨૭,૩૫,૮૫,૨૦૦.૬૨** તા. ૨૦.૦૬.૨૦૧૧ સાથે ભવિષ્યનું વ્યાજ અને તા. ૨૧.૦૬.૨૦૧૧ થી લ્હેણાની ચૂકવણી ન થાય ત્યાં સુધી ૧૬.૫% લેખે વાર્ષિક ત્રિમાસિક વ્યાજ, સાથે બધા જ ઉદ્દભવેલ ખર્ચાઓ, રકમ અને ચાર્જીસ વગેરે રકમ એરોમેટીક ઈન્ટરમિડીયેટ્સ એન્ડ કેમિકલ્સ ના (સોલ પ્રોપ્રાયટર - શ્રી નરેન્દ્ર જયંતિલાલ ત્રિવેદી અને જામીનદાર શ્રી ભાર્ગવ નરેન્દ્ર ત્રિવેદી અને શ્રી હેતલ નરેન્દ્ર ત્રિવેદી (શ્રીમતી કોકીલાબેન નરેન્દ્ર ત્રિવેદીના કાયદેસરના વારસદારો) પાસેથી બાકી નિકળે છે.

| મિલ્કતનું વર્ણન | રીઝર્વ કિંમત | ઈએમડી | બોજો |
|---|---|---|---|
| **મિલ્કતના ખંડ અને ભાગ બધા જ સહિતની ફ્રી હોલ્ડ જમીન. જે આઝાદ સોસાયટી, આંબાવાડી, મૌજે વસ્ત્રાપુર સીટી તાલુકા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અને સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સર્વે નં. ૮૨ અને ૮૩ નો સબ-પ્લોટ નં. ૨૧૨ અને ૨૧૩, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. XXI નો ફાઈનલ પ્લોટ નં. ૨૨૬ જેનું ક્ષેત્રફળ ૪૮૫ ચો.મી. અથવા તેની આસપાસ સાથે તેના ઉપર બંધાયેલ આશરે ૪૩૦૦ ચો. ફૂટનું બિલ્ટઅપ ક્ષેત્રફળવાળુ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત બે માળનું બિલ્ડીંગ સ્ટ્રક્ચર અને ખુલ્લા ધાબા સહીતની મિલ્કત.** | **રૂા. 520.00 લાખ** | **રૂા. 52.00 લાખ** | જાણમાં નથી |

| | |
|---|---|
| **સાઈટ ખાતે મિલ્કતનું પરીક્ષણ** | **તા. ૧૩.૦૨.૨૦૨૩ સવારના ૧૧.૦૦ થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી** |
| **બીડ જમા કરાવવાની અંતિમ તારીખ** | **તા. ૨૨.૦૨.૨૦૨૩ સાંજના ૪.૩૦ વાગ્યા સુધી** |
| **ઈ-હરાજી ની તારીખ અને સમય** | **તા. ૨૩.૦૨.૨૦૨૩ સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી** |

હરાજી / બિડીંગની ફક્ત **'ઓન લાઈન ઈલેક્ટ્રોનીક મોડ'** સાથે મે. ઈ-પ્રોક્યુર્મેન્ટ ટેકનોલોજીસ લિમિટેડ (ઓકશન ટાઈગર) ની વેબસાઈટ / પોર્ટલ દ્વારા https://kotakbank.auctiontiger.net ઉપર કરવામાં આવશે. ઈએમડી ની રકમ NEFT / RTGS દ્વારા કોટક બેંકને મુંબઈ ખાતેના ઈ-હરાજી એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. **"કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ એકાઉન્ટ ઈ-ઓકશન"** ના નામે **કોટક મહિન્દ્ર બેંક લિ., મલાડ (પૂર્વ), મુંબઈ શાખાના એકાઉન્ટ નં. 8411307138, IFSC કોડ : KKBK0000646** માં જમા કરાવવાની રહેશે.

નિયમો અને શરતોને સંપૂર્ણ રીતે ભરી તેમાં સહી કરીને તેની સાથે કેવાયસી દસ્તાવેજોની નકલ ઉપરાંત ઈએમડીની ઓફર સહિતની વિગતો કોટક બેંકની ઉપરોક્ત જણાવેલ ઓફીસમાં સીલ બંધ કવરમાં તેમજ આ કવર ઉપર મથાળે **"બીડ ડોક્યુમેન્ટ્સ એકાઉન્ટ એરોમેટીક ઈન્ટરમિડીયેટ્સ એન્ડ કેમિકલ્સ"** લખીને **તા. ૨૩.૦૨.૨૦૨૩** ના રોજ **સવારે ૧૦.૦૦** વાગ્યા સુધીમાં મોકલવાની રહેશે.

મિલ્કતના વેચાણના તા. ૦૨.૦૨.૨૦૨૩ ના રોજના વિગતવાર શરતો અને નિયમો https://kotakbank.auctiontiger.net અને https://www.kotak.com/en/bank-auctions.html અને https://auctions.kotak.com/ વેબસાઈટ/પોર્ટલ ઉપર પણ ઉપલબ્ધ છે. બોલીકારોને ઓનલાઈન હરાજીની પ્રકીયા માટે માર્ગદર્શન અને ટ્રેનિંગ જોઈતી હોય તો તેઓ **શ્રી રામ શર્મા, મો. 9978591888, ઈ-મેઈલ : ramprasad@auctiontiger.net; support@auctiontiger.net તથા ફોન : 079-68136880** ઉપર સંપર્ક કરી શકે છે. **મિલ્કતની વધુ માહિતી માટે કોટક બેંકનો 022-62185110 / 16 અથવા 9820607140 / 9619866796 ઉપર સંપર્ક કરવો.**

આથી ઉધારકર્તા / જામીનદારોને નોટીસ આપીને જણાવવાનું કે જો ઉપરોક્ત ઈ-હરાજીની તારીખ પહેલા સંપૂર્ણ બાકી લ્હેણાં નહીં ચૂકવવામાં આવે તો ઉપરોક્ત જણાવેલ તારીખોએ બાંહેધરીવાળી મિલ્કતની ઈ-હરાજી કરવામાં આવશે.

આથી જણાવવાનું કે જો અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં પ્રસિદ્ધ થયેલ નોટીસોમાં કોઈ તફાવત કે વિસંગતતા જણાય તો અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ નોટીસનું લખાણ માન્ય ગણાશે.

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૨.૦૨.૨૦૨૩

કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ વતી,
સહી/- અધિકૃત અધિકારી